માગણી નં. ૯૫ (અનુસૂચિત જાતિ પેટા યોજના) તા. ૨૧-૦૩-૨૦૧૭ના રોજની ચર્ચા માટે

અંદાજપત્ર પ્રકાશન નં. ૨૪-૨

પાના નં. ૧૨ થી ૨૯૮ અને ૩૦૧ થી ૩૨૫

# સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-૨

## (અનુસૂચિત જાતિઓ માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના)

(રૂ. કરોડમાં)

| વર્ષ | જોગવાઈ | સુધારેલ અંદાજ | ખરેખર ખર્ચ | જોગવાઈ સામે ખર્ચમાં ઘટાડો (રૂ.) | જોગવાઈ સામે ખર્ચમાં ઘટાડો (%) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૧-૨૦૧૨ | ૨૦૫૦.૧૯૧૦ | ૧૭૮૫.૭૮૩૬ | ૧૭૬૭.૯૭૨૯ | ૨૮૨.૨૧૮૧ | ૧૩.૭૭ |
| ૨૦૧૨-૨૦૧૩ | ૩૧૦૮.૬૦૧૭ | ૨૯૧૯.૮૫૫૬ | ૨૮૧૬.૯૪૭૪ | ૨૯૧.૬૫૪૩ | ૦૯.૩૮ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૨૮૫૦.૭૩૦૪ | ૨૬૯૨.૪૧૮૭ | ૨૪૭૮.૬૦૩૨ | ૩૭૨.૧૨૭૨ | ૧૩.૦૫ |
| ૨૦૧૪-૨૦૧૫ | ૩૫૫૪.૬૦૮૭ | ૩૩૫૨.૪૧૧૭ | ૨૮૩૯.૬૪૦૩ | ૭૧૪.૯૬૮૪ | ૨૦.૧૧ |
| ૨૦૧૫-૨૦૧૬ | ૩૯૪૭.૧૭૪૮ | ૩૬૬૭.૧૭ | ૩૩૭૦.૩૮ | ૬૨૦.૭૬ | ૧૪.૬૧ |
| ૨૦૧૬-૧૭ | ૪૩૯૧.૧૪૪૪ | ૩૮૯૦.૬૨ | | ૫૦૦ | ૧૧.૪૦ |
| ૨૦૧૭-૧૮ | ૪૬૦૩.૬૯ | | | | |

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અનુસૂચિત જાતિઓના કલ્યાણ અને વિકાસ માટે ખાસ અંગભૂત યોજના(અનુસૂચિત જાતિ પેટા યોજના) ચલાવવામાં આવે છે, જે અંતર્ગત રાજ્યના આ વિભાગ દ્વારા અનુસૂચિત જાતિઓના કલ્યાણ અને વિકાસ માટે કરવામાં આવેલ નાણાકીય જોગવાઈ સામે કરવામાં આવેલ ખરેખર ખર્ચની વિગત ઉપરોક્ત ટેબલમાં આપવામાં આવેલ છે. ઉપરોકત ટેબલમાં દર્શાવેલ સમય દરમ્યાન જોતાં વર્ષ ૨૦૧૧-૨૦૧૨ થી ૨૦૧૪-૧૫ દરમ્યાન જોગવાઈની સરખામણીએ સંપૂર્ણ ખર્ચ થયેલ નથી પરંતુ ઘટાડો થયેલ છે. તે જોતાં વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ. ૨૦૫૦.૧૯ કરોડની જોગવાઈ સામે રૂ. ૧૭૬૭.૯૭ કરોડનું ખર્ચ થયેલ છે, તે જોતાં વર્ષ ૨૦૧૧-૧૨માં અનૂસૂચિત જાતિના વિકાસ અને કલ્યાણ માટે રૂ. ૨૮૨.૨૧ કરોડ ઓછો ખર્ચ કરવામાં આવ્યો હતો, તેવીજ રીતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અનૂસૂચિત જાતિના કલ્યાણ અને વિકાસ માટે વર્ષ ૨૦૧૨-૧૩માં રૂ.૨૯૧.૬૫ કરોડ, વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૩૭૨.૧૨ કરોડ અને વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ. ૭૧૪.૯૬ કરોડનો બજેટ ઓછો ખર્ચ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૩૯૪૭.૧૭ કરોડની જોગવાઈ સામે રૂ. ૩૩૭૦.૩૮ કરોડનુ ખર્ચ કરવામાં આવેલ છે, આમ વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૬૨૦.૭૬ કરોડની રકમ અનૂસૂચિત જાતિના લોકોના

કલ્યાણ અને વિકાસ માટે ઓછી ખર્ચ કરવામાં આવેલ છે. જયારે વર્ષ ૨૦૧૬-૧૭માં અનૂસૂચિત જાતિઓના કલ્યાણ માટે રૂ. ૪૩૯૧.૧૪ કરોડની જોગવાઇ સામે વર્ષાંતે રૂ. ૩૮૯૦.૬૨ કરોડનુ સંભવિત ખર્ચ સુચવવામાં આવેલ છે, આમ વર્ષ ૨૦૧૬-૧૭મં પણ અનૂસૂચિત જાતિઓના કલ્યાણ માટે રૂ. ૫૦૦ કરોડ રકમનુ ઘટાડો કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર પાસે અપેક્ષા રાખીએ કે વર્તમાન અને આગામી સમયમાં અનૂસૂચિત જાતિના કલ્યાણ માટે કરવામાં આવેલ નાણાકીય જોગવાઈઓ નુ સંપૂર્ણ ખર્ચ કરવામાં આવશે.

**વર્ષ ૨૦૧૭-૧૮માં રાજયની ૭% અનૂસૂચિતજાતિઓ માટે રાજયની કુલ બજેટમાંથી ૨.૬૭% બજેટ ખાસ અંગભૂત યોજના અમલ થકી અનૂસૂચિત જાતિના વિકાસ અને કલ્યાણ માટે રૂ. ૪૬૦૩ કરોડની જોગવાઇ કરાઇ છે.**

(આંકડાઓ કરોડમાં)

| રાજયના કુલ બજેટ માંથી ખાસ અંગભૂતયોજના અંતર્ગત અનૂસૂચિત જાતિઓના માટે નાણાકીય જોગવાઇઓ. | **2015-16 ખર્ચ** | **2016-17- અંદાજ** | **2016-17- સુધારેલ અદાજ** | **2017-18- અંદાજ** |
|---|---|---|---|---|
| ગુજરાત રાજયની કુલ બજેટ ની જોગવાઇ | **127499.69** | **151851.93** | **148205.76** | **172179.24** |
| ખાસ અંગભૂત યોજના હેઠળ જોગવાઇ | **3370.38** | **4391.14** | **3890.38** | **4603.69** |
| ખાસ અંગભૂત યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઇની % | **2.64%** | **2.89%** | **2.62%** | **2.67%** |

અનૂસૂચિતજાતિના કલ્યાણ અને વિકાસ માટે ખાસ અંગભૂત યોજના ચલાવવામાં આવે છે, જેને અંગ્રેજીમાં એસસીએસપી (Special Component Plan for Schedule Castes) કહેવામાં પણ આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬માં રાજયના કુલ એકત્રિત બજેટ રૂ. ૧૨૭૪૯૯ કરોડ પૈકી ખાસ અંગભૂત યોજના માટે રૂ. ૩૩૭૦.૩૮ કરોડનુ (૨.૬૪%) ખર્ચ કરવામાં આવ્યુ હતુ, અને વર્ષ ૨૦૧૬-૧૭ના સુધારેલ અંદાજ પ્રમાણે ખાસ અંગભૂત યોજના પાછળ રાજયના કુલ એકત્રિત બજેટ પૈકી ૨.૬૨% ખર્ચ થશે અને વર્ષ ૨૦૧૭-૧૮માં ૨.૬૭% અંદાજીત ખર્ચ થશે.

## વર્ષ ૨૦૧૬-૧૭માં અનૂસૂચિત જાતિઓના સામાજિક વિકાસ માટે રૂ. ૧૬૮.૮૬ કરોડનુ ઓછુ ખર્ચ કરાશે

| | 2016-17 નુ અંદાજ રૂ. કરોડમાં | 2016-17- સુધારેલ અંદાજ રૂ. કરોડમાં | અંદાજ સામે સંભવિત ખર્ચમાં વધારો/ઘટાડો રૂ. કરોડમાં | સંભવિત ખર્ચની ટકાવારી % | વર્ષ ૨૦૧૭-૧૮નુ અંદાજ રૂ. કરોડમાં |
|---|---|---|---|---|---|
| સામાન્ય શિક્ષણ | 289.80 | 230.20 | 59.60 ઘટાડો | 79.43 | 315.09 |
| તકનિકી શિક્ષણ | 13.93 | 10.78 | 3.15 ઘટાડો | 77.39 | 13.70 |
| ખેલકૂદ અને યુવક સેવાઓ | 24.60 | 17.79 | 6.82 ઘટાડો | 72.29 | 31.17 |
| કલા અને સંસ્કૃતિ | 1.20 | 1.50 | -0.30 | 125.00 | 1.90 |
| તબીબી અને જાહેર આરોગ્ય | 244.72 | 213.05 | 31.67 ઘટાડો | 87.06 | 229.72 |
| પરિવાર કલ્યાણ | 45.25 | 64.05 | -18.80 | 141.55 | 81.83 |
| પાણી પુરવઠો અને સ્વચ્છતા | 94.67 | 186.47 | -91.80 | 196.96 | 94.69 |
| આવાસન | 139.98 | 157.83 | -17.85 | 112.75 | 303.33 |
| શહેરી વિકાસ | 528.74 | 331.36 | 197.38 ઘટાડો | 62.67 | 512.10 |
| માહિતી અને પ્રસારણ | 6.05 | 6.05 | 0.00 | 100.00 | 8.09 |
| અનુસુચિતજાતિ કલ્યાણ | 721.65 | 762.62 | -40.97 | 105.68 | 736.49 |
| શ્રમ અને રોજગાર | 19.99 | 17.67 | 2.32 ઘટાડો | 88.41 | 20.41 |
| સામાજિક સુરક્ષા અને કલ્યાણ | 154.62 | 132.18 | 22.44 ઘટાડો | 85.49 | 169.20 |
| પોષણ | 84.77 | 69.57 | 15.20 ઘટાડો | 82.07 | 89.90 |
| સચિવાલય - સામાજિક સેવાઓ | 3.09 | 3.09 | 0.00 | 100.00 | 3.16 |
| કુલ | 2373.06 | 2204.20 | 168.86 ઘટાડો | 92.88 | 2610.79 |

વર્ષ ૨૦૧૬-૧૭માં અનૂસૂચિતજાતિઓના સામાજિક વિકાસ માટે ખાસ અંગભૂત યોજના હેઠળ કુલ રૂ. ૨૩૭૩ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૧૬-૧૭ના બજેટના સુધારેલ અંદાજના આંકડાઓની તપાસ કરતાં એવુ માલૂમ થાય છે કે વર્તમાન વર્ષ ૨૦૧૬-૧૭માં

અનૂસૂચિત જાતિઓના સામાજિક વિકાસના માટે ફાળવવામાં આવેલ નાણાકીય જોગ્વાઇઓનુ પૂરેપૂરો ખર્ચ કરવામાં નહી આવે અને વર્ષાંતે  રૂ. ૧૬૮.૮૬ કરોડની બજેટ વણ વપરાયેલી રહી જશે, જે ટકાવારી પ્રમાણે૭ ટકા બજેટનુ ખર્ચ કરવામાં નહી આવે.. આમ ખાસ અંગભૂત યોજના હેઠળ અનૂસૂચિત જાતિઓના સામાજિક વિકાસ માટે શિક્ષણ માટે રૂ. ૫૯.૬૦ કરોડની રકમ વણવપરાયેલી રહી જશે, ઉપરાંત તકનીકી શિક્ષણ માટે રૂ. ૩.૧૫ કરોડ, ખેલકૂદ અને યુવક સેવાઓ માટે રૂ. ૬.૮૨ કરોડ, તબીબ અને જાહેર આયોગની સેવાઓ માટે રૂ. ૩૧.૬૭ કરોડ, શહેરી વિકાસ માટે રૂ. ૧૯૭.૩૮ કરોડ (જો કે શહેરી વિકાસથી  અનૂસૂચિત જાતિઓ ને કાંઇ સીધો લાભ થતો નથી કારણે કે શહેરી વિકાસ ના કામો થી શહેરની માળખાકીય સુવિધાઓનો  નિર્માણ થાય છે, જેનો બધા ઉપયોગ કરે છે.), ઉપરાંત શ્રમ અને રોજગાર ની સેવાઓ થી મળતી સામાજિક સુરક્ષા અંતર્ગત રૂ. ૨.૩૨ કરોડનુ ઓછુ ખર્ચ થશે. સહુથી કમનસીબ બાબત એ છે કે સામાજિક સુરક્ષા અને કલ્યાણની બજેટ જોગવાઇઓના સીધો લાભ અનૂસૂચિત જાતિઓહને  મળે છે, તે સામાજિક સુરક્ષા અને કલ્યાણના સદરની પણ રૂ. ૨૨.૪૪ કરોડની મોટી બજેટનુ પણ ઓછો ખર્ચ થશે, ઉપરાંત દલિત બાળકો અને મહિલાઓના કુપોષણ માટે કરવામાં  આવેલ રૂ. ૮૪.૭૭ કરોડની જોગવાઇ સામે વર્ષાંતે રૂ. ૬૯.૭૫ કરોડનુ ખર્ચ સુચવવામાં આવેલ છે, આમ અનૂસૂચિત જાતિઓ માટે પોષણની સેવામાં પણ રૂ. ૧૫.૨૦ કરોડનુ ઓછો ખર્ચ થશે.
ખાસ અંગભૂત યોજના હેઠળ  અનૂસૂચિત જાતિઓના સામાજિક વિકાસ માટે અમુક સેવાઓમાં જોગવાઇ કરતા વધારે ખર્ચ કરવામાં આવશે  જેમા પરિવાર કલ્યાણની સેવા  માટે રૂ. ૧૮.૮૦ કરોડ, પાણી પુરવઠો અને સ્વચ્છતા  માટે રૂ. ૯૧.૮૦ કરોડ , આવાસન માટે રૂ.૧૭.૮૫ કરોડની રકમ વધારે ખર્ચ કરવા માં આવશે .

અનૂસૂચિતજાતિઓના સામાજિક વિકાસ માટે નાણાકીય જોગવાઇઓ સંપૂરણ ખર્ચ કરવા માટે સરકારે ખાસ પગલાં લેવાની જરૂર છે.

ખાસ અંગભૂત યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭માં સામાજિક સેવાઓના મહેસૂલી ખર્ચ હેઠળ રૂ. 168.86 કરોડ રકમનુ ઓછા ખર્ચ ઉપરાંત સામાજિક સેવાઓના મૂડી ખર્ચ પેટે પણ રૂ. ૨૩૧.૬૭ કરોડનુ ઓછુ ખર્ચ   સુચવેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭માં ખાસ અંગભૂત યોજના હેઠળ સામાજિક સેવાઓ ના મૂડી ખર્ચ જેનાથી અનૂસૂચિત જાતિઓ માટે શાળાઓ, પોલીટેકનીક કોલેજ, રમતના સંકુલ, આરોગ્ય કેન્દ્રો તથા તબીબી સાધનો, તાલીમ કેન્દ્રો, ગ્રામ્ય આરોગ્ય કેન્દ્રો, , પાણી પુરવઠો, આવાસન   વગેરેનુ માળખાકીય સુવિધાઓનુ વિકાસ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭માં ખાસ

અંગભૂત યોજના હેઠળ સામાજિક વિકાસના માળખાકીય વિકાસના કામો કરવા માટે રૂ. ૫૩૧.૩૮ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી અને વર્ષાંતે એ કામઓ પાછળ રૂ. ૨૯૯.૭૧ કરોડનુ ખર્ચ સુચવવામાં આવેલ છે, આમ વર્ષ ૨૦૧૬-૧૭માં ખાસ અંગભૂત યોજના હેઠળ સામાજિક વિકાસના મૂડી ખર્ચ પેટે માત્ર ૫૬.૪૦% બજેટનુ ખર્ચ કરવમાં આવશે, અને રૂ. ૨૩૧.૬૭ કરોડની મોટી બજેટ (૪૩.૬%) બજેટનુ ખર્ચ કરવામાં નહી આવે.

૨૦૧૬-૧૭માં ખાસ અંગભૂત યોજના હેઠળ અનૂસૂચિતજાતિઓના સામાજિક વિકાસના મૂડી ખર્ચના પણ રૂ. ૨૩૧ કરોડનુ ઓછુ ખર્ચ થશે.

| | 2016-17 નુ અંદાજ રૂ. કરોડમાં | 2016-17- સુધારેલ અંદાજ રૂ. કરોડમાં | અંદાજ સામે સંભવિત ખર્ચમાં વધારો/ઘટાડો રૂ. કરોડમાં | સંભવિત ખર્ચની ટકાવારી % | વર્ષ ૨૦૧૭-૧૮નુ અંદાજ રૂ. કરોડમાં |
|---|---|---|---|---|---|
| : શિક્ષણ,ખેલકૂદ,કલા અને સંસ્કૃતિ અંગે મૂડી ખર્ચ જોગવાઈ | 101.99 | 89.14 | 12.85 | 87.40 | 82.81 |
| તબીબી અને જાહેર આરોગ્ય અંગે મૂડી ખર્ચ જોગવાઈ | 84.61 | 77.55 | 7.06 | 91.65 | 82.45 |
| ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા માટે મૂડી ખર્ચ | 77.00 | 22.74 | 54.26 | 29.54 | 35.53 |
| ૪૨૧૬ આવાસન અંગે મૂડીખર્ચ જોગવાઈ | 29.86 | 12.40 | 17.46 | 41.53 | 33.09 |
| ૪૨૨૫ અનુ.જાતિ, અનુ.આદિ. અને અન્ય પ.વ.નું કલ્યાણ અંગે મૂડી ખર્ચ | 198.30 | 86.11 | 112.19 | 43.42 | 222.05 |
| ૪૨૫૦ સામાજિક સેવાઓ અંગે મૂડી ખર્ચ જોગવાઈ | 39.63 | 11.77 | 27.86 | 29.70 | 27.39 |
| જોગવાઇ | 531.38 | 299.71 | 231.67 | 56.40 | 483.31 |

**અનૂસૂચિતજાતિઓના વિકાસ અને કલ્યાણ માટે ખાસ અંગભૂત યોજના માટે છેલ્લા ૩૭ વર્ષમાં કોઇ પણ વર્ષમાં વસ્તીના ટકાવારી પ્રમાણે નાણાકીય જોગવાઇ કરાઇ નથી અને ૩૭ વર્ષો પૈકી ૩૨ વર્ષોમાં કરવામાં આવેલ બજેટનુ સંપૂર્ણ ખર્ચ કરવામાં આવેલ નથી.**

અનૂસૂચિત જાતિના વિકાસ સાધવા માટે વર્ષ ૧૯૭૯-૮૦માં ખાસ અંગભૂત યોજના જેને અંગ્રેજીમાં એસસીએસપી (Special Component Plan for Schedule Castes) કહેવામાં પણ આવે છે એ અનૂસૂચિત જાતિના લોકોના વિકાસની પ્રક્રિયા ઝડપી કરવા ખાસ અંગભૂત યોજના ( SCSP) એ અમલમાં મૂકવામાં

આવેલ છે. ખાસ અંગભૂત યોજનાના અમલીકરણ માટે આયોજન પંચ દ્વારા અમુક **માર્ગદર્શિકાના સૂચનો કરવામાં આવ્યા છે. જેમાં** રાજયના કુલ આયોજન ફંડ/ બજેટમાંથી (ખાસ અંગભૂત યોજના-**SCSP**) હેઠળ અનૂસૂચિત જાતિઓના વિકાસ, કલ્યાણ માટે જે તે રાજયની અનૂસૂચિતજાતિની વસ્તીની ટકાવારી પ્રમાણે નાંણાકીય જોગવાઈઓ કરવામાં આવે. ગુજરાત રાજયમાં અનૂસૂચિતજાતિની વસ્તી ૭% જેટલી છે. રાજય સરકારે રાજયના આયોજનની કુલ બજેટમાં ૭% જેટલી નાણાકીય જોગવાઇ અનૂસૂચિતજાતિની સમાજના વર્ગોના વિકાસ અને કલ્યાણ માટે એસસીપી આયોજન હેઠળ જોગવાઇ કરવી. ઉપરાંત ખાસ અંગભૂત યોજના અમલ માટે વિભાગવાર વિસ્તૃત આયોજન તૈયાર કરવું. તૈયાર કરેલ આયોજનને અમલમાં મૂકવા માટે વહીવટીય માળખાઓ અને રણનીતિ તૈયાર કરવી જોઇએ. **SCSP** હેઠળ ફાળવવામાં આવેલ બજેટના નાણાને બીજી પ્રવૃત્તિઓ હેઠળ ન વાપરવા આવે આ યોજના હેઠળ ફાળવવામાં આવેલ નાણાકીય ગ્રાંટ ને ગૌણ સદર ૭૮૯ એસસીપી હેઠળ દર્શાવવામાં આવે. SCP હેઠળ ફક્ત એવા પ્રકારનું આયોજન તૈયાર કરવામાં આવે જે અનૂસૂચિતજાતિની સીધો લાભ આપી શકે. **SCSP** ના અમલ થકી ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થવો જોઈએ. અનૂસૂચિતજાતિના વિસ્તારોમાં લાંબાગાળા માટે ટકાઉ સંસાધનોની રચના થવી જોઈએ. આરોગ્ય અને શિક્ષણની સેવાઓથી અનૂસૂચિતજાતિના લોકોનુ માનવ સંસાધનનો વિકાસ થવો જોઈએ.

“પાથેય બજેટ કેન્દ્ર” દ્વારા ગુજરાત રાજયમાં ખાસ અંગભૂત યોજના નુ અમલ વર્ષ ૧૯૮૦-૮૧ થી ૨૦૧૬-૧૭ સુધી છેલ્લા ૩૭ વર્ષોમાં રાજયના પ્લાન બજેટમાંથી અનૂસૂચિત જાતિઓ ના વિકાસ કરવા માટે અમલમાં મૂકાયેલ ખાસ અંગભૂત યોજના હેઠળ કરવામાં નાણાકીય જોગવાઇ અને તેના ખર્ચ અંગે અભ્યાસના આંકડાઓ ભેગા કરી એનાલીસીસ કરેલ છે, જેના આંકડાઓ અને અવલોકન નીચે આપેલ છે.

| Sr. | Plan Period | State Plan outlay | S.C.S.P. outlay | SCSP Expenditure | % of SCSP in state's Plan Budget | Actual Expenditure under SCSP |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 5 | 6 | 7 | 8 |
| 1 | Sixth Five Year Plan (1980- 85) | 3670 | 139.26 | 95.34 | 3.7 | 68.46 |
| 2 | Seventh Five Year Plan (1985-90) | 5589.37 | 160.73 | 159.9 | 2.86 | 89.79 |
| 3 | Eighth Five Year Plan (1992- 97) | 11500 | 341.12 | 380.95 | 2.97 1 | 111.67 |
| 4 | Ninth Five Year Plan (1997- 2002) | 28,000.00 | 1050.9 | 849.64 | 3.75 | 80.84 |
| 5 | Tenth Five Year Plan (2002- 07) | 49415.55 | 2464.11 | 2037.63 | 5.23 | 82.69 |
| 6 | 2007-08 | 16000 | 798.87 | 551.88 | 4.99 | 69.08 |
| 7 | 2008-09 | 21000 | 1134.08 | 870.43 | 5.4 | 76.75 |
| 8 | 2009-10 | 23275 | 1294.95 | 1077.29 | 5.56 | 83.19 |
| 9 | 2010-11 | 30000 | 1331.8 | 1174.75 | 5.46 | 88.21 |
| 10 | 2011-12 | 38000 | 2084.04 | 1577.14 | 5.48 | 75.68 |
| 11 | 2012-13 | 50599 | 2849.32 | 2440.93 | 5.63 | 85.67 |
| 12 | 2013-14 | 58500 | 2637.41 | 2182.43 | 4.51 | 82.75 |
| 13 | 2014-15 | 71330.44 | 3473.87 | 2683.43 | 4.87 | 77.25 |
| 14 | 2015-16 | 79295 | 3947 | 3370.62 | 4.98 | 85.4 |
| 15 | 2016-17 | 85557.78 | 4391.14 | 3890.62 | 4.55 | 88.6 |
| | | | | | | |

રાજયમાં ખાસ અંગભૂત યોજના ૬ઠ્ઠા પંચ વર્ષીય યોજના (૧૯૮૦-૮૫) થી ગુજરાતમાં અમલમાં મૂકવામાં આવેલ અને પહેલા પાંચ વર્ષમાં રાજયના કુલ આયોજન બજેટ રૂ. ૩૬૭૦ કરોડ પૈકી (ખાસ અંગભૂત યોજના **SCSP) માટે રૂ. ૧૩૯.૨૬ કરોડની જોગવાઇ કરવામાં આવી અને ૯૫.૩૪ કરોડનુ ખર્ચ કરવામાં આવ્યું હતુ, આમ રાજયના કુલ આયોજન બજેટમાંથી ખાસ** અંગભૂત યોજના માટે ૩.૭%ની જોગવાઇ કરવામાં આવી અને ખર્ચ રૂ. ૯૫.૩૪ કરોડનુ કરવામાં આવ્યું હતુ, જે રૂ. ૧૩૯.૨૬ કરોડ જોગવાઇ ના ૬૮.૪૬% ખર્ચ કરવામાં આવ્યુ હતું, એવીજ રીતે ૭મી પંચ વર્ષીય યોજના અંતર્ગત (૧૯૮૫ થી ૧૯૯૦) ના સમયગાળામાં અંગભૂત યોજના માટે માટે ૨.૮૬% ની જોગવાઇ કરવામાં આવી હતી અને જોગવાઇના ૮૯.૭૯% બજેટ ખર્ચ કરવામાં આવ્યુ હતુ. ૮મી પંચ વર્ષીય યોજનાના સમય ગાળા હેઠળ અંગભૂત યોજના માટે ૨.૯૧% જોગાવાઇ અને ખર્ચ ૧૧૧% કરવામાં આવ્યુ હતુ. ૯મી પંચ વર્ષીયના સમય ગાળા ( ૧૯૯૭ થી ૨૦૦૨) માં જોગવાઇ ૩.૭૫% અને કતૃચ ૮૦.૮૪% , ૧૦મી પંચવર્ષીય યોજના (૨૦૦૨-૨૦૦૭) માં અંગભૂત યોજના માટે ૫.૨૩% જોગવાઇ અને ૮૨.૬૯% બજેટનુ ખર્ચ કરવામાં આવ્યુ હતું. વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૬-૧૭ સુધીના સમય ગાળામાં રાજયના આયોજનની બજેટમાં ખાસ અંગભૂત યોજના માટે સરેરાશ ૫% જેટલી બજેટની જોગવાઇ જોવા મળે છે અને સરેરાશ ખર્ચ ૮૦% જોવા મળે છે.

આમ છેલ્લા ૩૭વર્ષના લાંભા સમયગાળામાં અનૂસૂચિતજાતિઓના વિકાસ અને કલ્યાણ માટે ખાસ અંગભૂત યોજનાના અમલ માટે કોઇ પણ વર્ષમાં ૭% વસ્તીના ધોરણે નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ નથી, ઉપરાંત ઓછા નાણાકીય જોગવાઇ કર્યા પછી માત્ર ૯મી પંચવર્ષીય યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ નાણાકીય જોગવાઇઓનુ સંપૂર્ણે ખર્ચ કરવામાં આવેલ છે. બાકી ૩૨ વર્ષના સમય ગાળામાં કયારે પણ ખાસ અંગભૂત યોજના માટે ફાળવવામાં આવેલ બજેટનુ ૧૦૦% ખર્ચ કરવામાં આવેલ નથી.

The Scheduled Caste Sub Plan (SCSP) and Tribal Sub Plan (TSP) were conceptualized to address the multiple developmental deficits faced by the SCs and STs across sectors. The idea was to channelize funds and benefits from the general sectors in the Central Ministries towards the development of SCs and STs, at least in proportion to their share in the total population. However, despite the strategy being in operation for more than three decades, it has not been implemented as effectively as desired (12th Five Year Plan).

Under the SCP and TASP, allocations have always been less than the their proportionate population in Gujarat (7% for SCP and 15% for tribal)

In this regard, key policy asks are:
Enact legislation on SCSP and TSP: which have provisions for earmarking Plan allocations for Dalits/Adivasis in proportion to their share in the total population at the state and national level, to ensure effective implementation of SCSP/TSP by all departments/ ministries.

- The ministry in the budget designed for 2016-17 needs to set aside budgetary allocations proportionate to 7%for SCs and 15%for ST under SCSP-TSP.
- Restriction on diversion of funds allocated under SCSP & TSP.
- The population proportion based resource allocations for SCs and STs need to be based on gender equity, hence earmarking 50% share for SC/ST women and girls.
-

A state level legislation is recommended to clearly define the Allocation of outlays, criteria of eligibility for schemes and programmes and accountability mechanisms.

AP ACT FOR SCP/TASP

AN ACT ANDHRA PRADESH SCHEDULED CASTES SUB-PLAN AND TRIBAL SUB-PLAN (PLANNING, ALLOCATION AND UTILISATION OF FINANCIAL RESOURCES) ACT, 2013

An Act to ensure, accelerated development of Scheduled Castes and Scheduled Tribes with emphasis on achieving equality in the next ten years focusing on economic, educational and human development along with ensuring the security and social dignity and promoting equity among Scheduled Castes and the Scheduled Tribes, by earmarking a portion, in proportion to population of Scheduled Castes and Scheduled Tribes in the State, of the total plan outlay of the State of Andhra Pradesh as the outlay of the Scheduled Castes Sub-Plan/Tribal Sub-Plan of the State and ensuring effective institutional mechanisms for the implementation and for matters connected therewith or incidental thereto.

PLANNING, RESOURCE ALLOCATION FOR SCHEDULED CASTES SUBPLAN AND TRIBAL SUB-PLAN FUNDS AND SCHEMES 3. The State shall, in every financial year, earmark in such manner as may be prescribed, a portion of the total Plan outlays of the State which shall be proportionate to the Scheduled Castes/Scheduled Tribe population of the State, to be called as Scheduled Castes Sub-Plan and Tribal Sub-Plan Fund: